નવગુજરાત સમય "અમદાવાદ આવૃત્તિ"

તા: 27/05/2025 પેજ નં. 2

# ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ.એ તિરંગા યાત્રા થકી એક ભારતનો સંદેશ આપ્યો



**નવગુજરાત સમય** > અમદાવાદ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા પહેલગામમાં થયેલા આતંકી હુમલાના પ્રત્યુત્તર રૂપે કરાયેલા 'ઓપરેશન સિંદૂર'ની સફળતાની ઉજવણી તિરંગા યાત્રા અને સભાના સ્વરૂપે કરાઈ હતી. 26 મેને સોમવારે આયોજિત આ તિરંગા યાત્રા યુનિવર્સિટીના કુલપતિ ડૉ. અમી ઉપાધ્યાયની અધ્યક્ષતામાં યોજાઈ હતી. આ યાત્રામાં યુનિવર્સિટીના પદાધિકારીઓ, પ્રોફેસરો અને વિવિધ સેન્ટરના નિયામક, વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. આ યાત્રામાં આ હીચકારી ભર્યા આતંકી હુમલામાં ભોગ બનેલાઓને શ્રદ્ધાંજલિ આપી હતી. તો સાથે જે મહિલાઓએ આ હુમલામાં પોતાનું સિંદૂર ગુમાવ્યું હતું તેમની સહાનુભૂતિ અને ન્યાય અર્થે ઓપરેશન સંદૂરને સન્માન આપવા મહિલાઓ નારાઓ સાથે આગેકૂચ કરી હતી.

આ યાત્રાને અંતે યુનિવર્સિટીના ગૌતમ હોલમાં ઓપરેશન સિંદૂરમાં ભારતીય સેનાના અદમ્ય સાહસ અને શૌર્યને બિરદાવનારા રાષ્ટ્રભક્તિના કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં કેપ્ટન મીરા સિદ્ધાર્થ દવે, ભારતીય સેના અધિકારી (સેવા નિવૃત્ત) એ ઉપસ્થિત સર્વેને જણાવ્યું હતું કે આ હુમલો આતંકી હુમલો ન કહી શકાય, આ હુમલાને જેહાદ કહેવી જોઈએ. પાકિસ્તાનને તેના કર્મોનું ફળ મળ્યું છે. સિંદૂર સાતત્ય, માન્યતા અને વિશ્વાસનું પ્રતીક છે.

આ પ્રસંગે યુનિ.ના કુલપતિ ડૉ. અમી ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, ઓપરેશન સિંદૂર દિવ્ય અને ભવ્ય ભારતનો પાયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જે પ્રકારે બે મહિલા - કર્નલ સોફિયા કુરેશી અને વિંગ કમાન્ડર વ્યોમિકા સિંઘને ઓપરેશન સિંદૂરના બ્રીફિંગની જવાબદારી સોંપી હતી. તે દેશની નીતિ દર્શાવે છે. રક્તબીજનો નાશ કરવા માટે પણ દેવોએ ભેગા મળીને મહાકાળીની રચના કરી હતી. આજે આપણો દેશ વિશ્વની ચોથી સૌથી મોટી આર્થિક સત્તા બન્યો છે ત્યારે ઓપરેશન સિંદૂર ભારતનો એક સાંસ્કૃતિક જવાબ છે. આપણને સૌને આપણી સેના પર ખૂબ ગર્વ અને ગૌરવ હોવું જોઈએ. દેશની સુરક્ષા અને વિકાસ આપણા સૌની સામૂહિક જવાબદારી છે. આ કાર્યક્રમ યુનિવર્સિટીના એક્સટેન્શન એક્ટિવિટી સેલ દ્વારા યોજાયો હતો. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. નીતુબેન કનારાએ કર્યું હતું.

Scanned with OKEN Scanner